સૌરાષ્ટ્ર આસપાસ

# ૨૦૨૬ એટલે લોકશાહીના કસોટી ભર્યું ચૂંટણી વર્ષ

૨૦૨૬નું વર્ષ ભારત અને દુનિયા બંને માટે લોકશાહી દ્રષ્ટિએ ખૂબ જ મહત્વનું સાબિત થવાનું છે. એક જ વર્ષે ભારતના પાંચ મોટા રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી અને સાથે સાથે દુનિયાના ૩૬થી વધુ દેશોમાં સામાન્ય ચૂંટણીઓ થવી એ માત્ર સંયોગ નથી, પરંતુ બદલાતી રાજકીય દિશા અને જનમાનસના મૂડનો સંકેત પણ છે. ચૂંટણી માત્ર સત્તા બદલવાની પ્રક્રિયા નથી, તે જનતાની આશાઓ, અસંતોષ અને ભવિષ્યની અપેક્ષાઓ વ્યક્ત થવાનું માધ્યમ છે.ભારતમાં ૨૦૨૬માં પશ્ચિમ બંગાળ, આસામ, તમિલનાડુ, કેરળ અને પુડુચેરીમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાશે. આ પાંચ રાજ્યો મળીને દેશની લગભગ ૧૭ ટકા વસ્તીનું પ્રતિનિધિત્વ કરે છે. એટલે આ ચૂંટણીના પરિણામો માત્ર રાજ્ય પૂરતા સીમિત નહીં રહે, પરંતુ રાષ્ટ્રીય રાજકારણ પર પણ તેની અસર પડશે. ખાસ કરીને ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પછી આ પહેલી મોટી રાજકીય કસોટી ગણાશે.પશ્ચિમ બંગાળમાં છેલ્લા ૧૪ વર્ષથી મમતા બેનર્જી અને તેમની તૃણમૂલ કોંગ્રેસનું પ્રભુત્વ છે. જો ૨૦૨૬માં ફરીથી તેમની જીત થાય તો મમતા બેનર્જી સતત ચોથી વખત મુખ્યમંત્રી બનશે, જે ભારતીય રાજકારણમાં એક નવો ઈતિહાસ હશે. બંગાળમાં ભાજપ સતત પોતાની પકડ મજબૂત કરવાની કોશિશ કરી રહી છે, પરંતુ મમતા બેનર્જીની લોકપ્રિયતા, પ્રાદેશિક અસ્મિતા અને કેન્દ્ર સામેના તેમના આક્રમક વલણને કારણે લડાઈ સરળ નથી. આ ચૂંટણી એ પણ બતાવશે કે શું બંગાળની જનતા સતત એક જ નેતૃત્વ પર વિશ્વાસ રાખશે કે પછી બદલાવ ઈચ્છે છે.આસામમાં ભાજપ છેલ્લા દસ વર્ષથી સત્તામાં છે અને હવે ત્રીજા કાર્યકાળ માટે પ્રયાસ કરી રહી છે. સરહદી રાજ્ય હોવાને કારણે બાંગ્લાદેશી ઘૂસણખોરી, સુરક્ષા, નાગરિકતા અને આસામી ઓળખ જેવા મુદ્દા અહીં કેન્દ્રમાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વારંવારના પ્રવાસો એ સૂચવે છે કે ભાજપ આ રાજ્યને ખૂબ જ મહત્વ આપે છે. સામે પક્ષે કોંગ્રેસ અને અન્ય પ્રાદેશિક પક્ષોનું ગઠબંધન ભાજપ માટે પડકાર ઉભો કરી શકે છે. આ ચૂંટણી એ પણ નક્કી કરશે કે શું ભાજપની વિકાસ અને રાષ્ટ્રવાદની રાજનીતિ અહીં હજુ પણ અસરકારક છે કે નહીં.તમિલનાડુ અને કેરળ એવા રાજ્યો છે જ્યાં ભાજપ આજ સુધી વિધાનસભા ચૂંટણીમાં સફળતા મેળવી શકી નથી. તમિલનાડુમાં છેલ્લા છ દાયકાથી દ્રવિડિયન રાજકારણ હાવી રહ્યું છે. ડીએમકે અને એઆઈએડીએમકે વચ્ચેની લડાઈમાં ભાજપને હંમેશા ગૌણ ભૂમિકા મળી છે. હવે એઆઈએડીએમકે સાથે સંભવિત ગઠબંધન અને ફિલ્મસ્ટાર વિજયની નવી પાર્ટીના પ્રવેશથી રાજકારણ વધુ જટિલ બન્યું છે. અહીં ભાજપ માટે આ ચૂંટણી માત્ર જીત માટે નહીં, પરંતુ પોતાની હાજરી મજબૂત કરવાની લડાઈ પણ છે.

કેરળમાં ડાબેરી પક્ષોની મજબૂત પરંપરા છે. ૨૦૨૧માં એલડીએફે સતત બીજી વખત સરકાર બનાવીને ઇતિહાસ તોડ્યો હતો. સામાન્ય રીતે કેરળમાં સત્તા બદલાતી રહેતી હતી. કોંગ્રેસના નેતૃત્વવાળા યુડીએફ માટે આ વખતે સત્તા વિરોધી લહેર એક આશા બની શકે છે. ભાજપે વિધાનસભામાં હજુ સુધી ખાતું ખોલ્યું નથી, પરંતુ લોકસભા અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મળેલી સફળતા એ સૂચવે છે કે પાર્ટી ધીમે ધીમે જમીન તૈયાર કરી રહી છે.પુડુચેરી નાના રાજ્ય હોવા છતાં રાજકીય રીતે મહત્વપૂર્ણ છે. ૨૦૨૧માં કોંગ્રેસ સરકારના પતન બાદ AINRC-ભાજપ ગઠબંધન સત્તામાં આવ્યું હતું. આ ચૂંટણી એ નક્કી કરશે કે જનતા આ ગઠબંધનથી સંતોષી છે કે કોંગ્રેસ-ડીએમકે ફરીથી વિશ્વાસ જીતશે.

# સુખનું સરનામું શોધવાની લ્હાયમાં દુઃખના દરવાજે ટકોરા વાગી જાય



કરંટ ટોપિક

મનુષ્ય પોતાના જીવનમાં આખરે શું શોધે છે? કોઈ કહે છે સુખ. તો સવાલ એ આવે કે તેને સુખ શેમાં દેખાય છે? કોઈને ધર્મમાં સુખ દેખાતું હોય, કોઈને ભૌતિક સાધનોમાં સુખ દેખાતું હોય, કોઈને સફળતામાં સુખ દેખાતું હોય તો કોઈને ઐશ્વર્યમાં.

સુખ અને આનંદ વચ્ચે બહુ પાતળી ભેદ રેખા હોય છે. સદગુરુ જગ્ગી વાસુદેવ સરળ શબ્દો આ ભેદને ઉજાગર કરતા કહે છે કે, 'સુખ કોઈ વસ્તુ કે વ્યક્તિ પર નિર્ભર હોય છે, જ્યારે આનંદ આંતરિક હોય છે.' જ્ઞાનીજનો કહે છે કે, ભૌતિક વસ્તુઓમાં આપણે સુખ બુદ્ધિ ધરાવીએ છીએ. આપણી આંખને ગમે તેવી વસ્તુઓ સુખ આપે છે, કાનને સાંભળવું ગમે તેવું સંગીત સુખદાયક લાગે છે, જેનો સ્પર્શ સુંવાળો હોય તેવી વસ્તુઓ સુખનો અનુભવ કરાવે છે. આપણી ઈચ્છા મુજબનું પ્રાપ્ત ન થાય, અનુકૂળતાને બદલે પ્રતિકૂળતા સર્જાય એટલે દુઃખ!

અર્થશાસ્ત્રમાં લો ઓફ ડિમિનિશિંગ માર્જિનલ યુટિલિટીનો એક સિદ્ધાંત આવે છે. આ સિદ્ધાંત મુજબ જેમ જેમ કોઈ એક વસ્તુનો વધુ અને વધુ ઉપયોગ કે ઉપભોગ થાય તેમ તેમ આપણા માટે તેની ઉપયોગિતા અથવા ઈચ્છા ઓછી થતી જાય છે. શાસ્ત્રકારો કહે છે કે સુખની બાબતે પણ આવું જ છે.

કોઈ બાળક એક નવું રમકડું જુએ એટલે તેને એ જોઈએ. ન મળે તો જીદે ચઢે, રડેપઅંતે જ્યારે મળે ત્યારે શાંત થાય. પણ પછી? થોડી વાર બાદ કોઈ નવું રમકડું દેખાય એટલે જેના માટે રોકકળ કરી હોય એ રમકડું એક બાજુ ફેંકાઈ જાય અને નવા રમકડાં માટે રુદન શરૂ થાય. આપણે સહુ આવા નવાનવા રમકડાં માટે રડતા બાળકો જ છીએ.

આપણે સુખની એક વ્યાખ્યા નક્કી કરી લીધી છે,
પહેલું સુખ તે જાતે નર્યા,
બીજું સુખ તે ઘેર દીકરા;
ત્રીજું સુખ તે ગુણવંતી નાર,
ચોથું સુખ તે ભરેલા ભંડાર સુધી

પહેલા તો આપણે સ્વસ્થ હોઈએ એ સુખ છે. તે વાત બરાબર. કારણકે આરોગ્ય સારું હોય તો ભૌતિક હોય કે આધ્યાત્મિક કર્મો કરવામાં અનુકૂળતા રહે. સંતાન હોય એ સુખ ગણાય. પણ સંતાન આડે પાટે ચડેલા હોય કે કહ્યામાં ન હોય તો? ત્રીજું સુખ ગુણવંતી નાર, પરંતુ એ ગુણવંતી નારને અવગુણથી ભરેલો પતિ મળે તો? પુરુષ પણ ગુણવાન હોવો જોઈએ. દારૂડિયો, જુગારી, લંપટ, બેરોજગાર, એવો પતિ મળે તો સ્ત્રી પણ દુઃખી થાય. અંતે ભરેલા ભંડાર પણ આપણને જોઈએ. ટૂંકમાં આપણા મોટાભાગના સુખ બધા ભૌતિક બાબતો પર જ આધારિત છે. ધર્મ વિના ચાલશે, પણ ધન વિના નહીં!?

સુખ બેધારી તલવાર જેવું હોય છે. ક્યારેક સુખનું સરનામું શોધવાની લ્હાયમાં દુઃખના દરવાજે ટકોરા વાગી જાય છે. ખાવાનું સુખ, આરોગ્ય માટે દુઃખ ઊભું કરી શકે. વ્યસનો સેવવામાં સુખનો અનુભવ કરતા લોકો, મોટા અક્ષરે છાપેલી ચેતવણીઓ પણ અવગણી કાઢે છે. પછી કેન્સરનું દુઃખ આવીને ઊભું રહે છે. આ ભવમાં સુખ મેળવવાની લાલચમાં કરેલા પાપકર્મો પછીના જન્મમાં છાપરે ચડીને પોકારે છે. પણ મનુષ્ય તો 'આ ભવ મીઠા, પરભવ કુણ દીઠાં?' માનીને પાપકર્મોમાં રાચેલો રહે છે.સમસ્યા ત્યારે પણ સર્જાય છે જ્યારે આપણું સુખ અન્ય માટે દુઃખ બની જાય. જગતમાં આવા અનેક કિસ્સાઓ જોવા મળે છે. પોતાના સુખ માટે બીજાનું શોષણ કરનારા, પોતાના વર્ચસ્વ માટે બીજાને ગુલામ બનાવનારા લોકો પોતે કેટલા સુખી થાય છે એ તો ઈશ્વર જાણે, પણ લાખોને દુઃખી જરૂર કરે છે. આપણું સુખ 'નિર્દોષ' હોવું જોઈએ.આપણા શાસ્ત્રો તેથી સુખ નહીં પણ આનંદ પ્રાપ્ત કરવાનું કહે છે. સુખ અસ્થાયી છે, પણ આનંદ સ્થાયી છે.

આત્માની પ્રકૃતિને આનંદમય કહેવાઈ છે. અર્થાત્? આત્મા પ્રકૃતિથી આનંદમય છે. પણ જેમ અગ્નિ ઉપર રાખ ઢંકાઈ જાય તો અગ્નિ દેખાતો નથી, જેમ સૂર્ય આગળ વાદળ છવાઈ જાય તો સૂર્ય અદ્રશ્ય થઈ જાય છે, તેવી રીતે આત્મા પર પાપકર્મોના ચઢેલા આવરણોના કારણે તેનું આનંદમય સ્વરૂપ આપણે જોઈ શકતા નથી. બહારના સુખને સતત શોધતા રહેવું અને તેને જ સત્ય માનવું એ જ મોહ છે. જીવનમાં અનેકવાર આપણો મોહભંગ થાય છે. પણ ફરી આપણે મોહને વશ થઈ જઈએ છીએ. કારણકે આપણી બુદ્ધિ સુખ બહાર જ છે તેવું માની બેસે છે.

# ઠંડીમાં હાથ-પગ જકડાઈ જાય ત્યારે?

અત્યારે શિયાળો એના ફુલફોર્મમાં છે. ક્યારેય ન અનુભવેલી ઠંડીનો અનુભવ આજકાલ થઈ રહ્યો છે. અહીં બ્લેન્કેટની બહાર નીકળવાનું મન નથી થતું ત્યાં કસરતની ઝંઝટમારીમાં કોણ પડે? શા માટે શિયાળામાં જ શિયાળુપાક ખાવાનો આટલો આગ્રહ થતો હશે. શું એના પાછળ પણ કોઈ સાયન્ટિફિક કારણ છે? એટલે સુધી તો ઠીક, પણ આ જ ઋતુમાં સાંધાનો દુખાવો વધી કેમ જાય છે? થોડું ચાલીએ ત્યાં પગમાં ગોટલા ચડી જાય છે. હાથ-પગ જકડાઈ જાય છે. આ બધું ઠંડીમાં જ કેમ થાય? આ બધા પ્રશ્નો વિશે આજે સવિસ્તાર માહિતી મેળવીએ.

**કુદરતી છે**

શિયાળાની ઠંડીમાં હાડકાં અને સાંધાને લગતી તકલીફો કુદરતી રીતે જ વધી જાય એ વિશે ઓર્થોપિક સર્જન તબીબ કહે છે, 'વાતાવરણમાં ઠંડી વધે એમ શરીરની આંતરિક ગરમી ઘટે અને એની અસર થાય. શરીરમાં થતા રક્ત પરિભ્રમણ પર સામાન્ય રીતે શરીરમાં જે ગતિએ બ્લડ-સર્ક્યુલેશન થતું હોય છે એ શિયાળામાં મંદ પડે છે જેને લીધે મસલ્સને મળતો લોહીનો પુરવઠો પૂરતા પ્રમાણમાં નથી મળી શકતો એટલે મસલ્સમાં દુખાવો થાય છે. એવી રીતે જ મસલ્સ દ્વારા જ લેક્ટિક એસિડ ઉત્પન્ન થાય છે, જે શરીરનો કચરો છે, નોર્મલ દિવસોમાં બ્લડ-સ્ક્યુલેશન દરમ્યાન તેના શરીર બહાર નિકાલ થઈ જાય છે. પણ ઠંડીમાં એ એક સ્થળે એકઠું થાય છે જેને લીધે એ ભાગમાં દુખાવો અનુભવાય છે. ઠંડીમાં પગમાં ગોટલા ચડી જાય એવું આપણે સાંભળ્યું છે એ ગોટલા એટલે જ એકઠું થયેલું લેક્ટિક એસિડ.'

શિયાળામાં મોટે ભાગે દેખાતી તકલીફો વિશે ડૉક્ટર કહે છે, 'સ્નાયુ અને હાડકાંની ફન્ક્શનિંગ-સમસ્યા ઊભી થાય અને શારીકિ સંતુલન જળાવાતું નથી એટલે આ સીઝનમાં બેલેન્સ છૂટી જવાથી પડી જવાના કિસ્સા વધુ બને છે. સાંધામાં દુખાવો થાય, ૪૦ વર્ષથી ઉપરનાં લોકોને ઉઠવા-બેસવામાં તકલીફ થાય, વાની તકલીફ વધે, આર્થ્રાઈટિસ (સાંધામાં સોજો), સ્પોન્ડિલાટિસ (મણકામનો સોજો), માયો ફેશિયાઈટિસ (સ્નાયુના આવરણ પર સુજન), તળિયાના ભાગમાં, ટેન્ડિનાઈટિસ (માંસપેશીના ભાગમાં સોજો), ટ્રિગર ફિંગર (આંગળી વાળ્યા પછી સીધી ન થાય) જેવી બીમારીઓ વકરે છે. હાડકાનાં હલનચલનમાં તકલીફને લીધે સ્ટિફનેસ આવે છે. હાથ-પગના સ્નાયુઓ ખેંચાતા હોય એવો અનુભવ પણ થાય છે.'

**કસરતનું કારણ**

શિયાળામાં કસરત કરવાનું કહેવામાં આવે છે એનું પણ આ જ કારણ છે, એમ જણાવતાં ડૉક્ટર કહે છે, 'ગમે તે રીતે શરીરમાં ગરમાટો ઊભો કરવો એ જ આ સમસ્યાનો ઈલાજ છે. કસરત થકી સ્નાયુ અને હાડકાંને મૂવમેન્ટ મળે છે. આ સમસ્યાનો ઈલાજ છે. કસરત થકી સ્નાયુ અને હાડકાંને મુવમેન્ટ મળે છે. આ મુવમેન્ટથી બ્લડ-સર્ક્યુલેશન સુધરે છે. એને લીધે લેક્ટિક એસિડનો ભરાવો થયો હોય તો એનો લોગી વાટે નિકાલ થાય છે. શિયાળુપાક જેવી પચવામાં ભારે વસ્તુ શિયાળામાં ખાવાનું કહેવામાં આવ્યું છે કારણ કે પાચનક્રિયા દરમ્યાન શરીરમાં ઉત્પન્ન થતી ગરમી શિયાળામાં મદદરૂપ નિવડે છે.'

# ચોક્કસ ક્ષેત્રમાં સફળ વ્યક્તિના માપદંડથી આખી દુનિયાને જજ ન કરાય

વિશેષ

સામાન્ય રીતે એવું થતું હોય છે કે, આપણે જ્યારે સંઘર્ષના સમયગાળામાં હોઈએ ત્યારે અનેક રિજેક્શન આવતા હોય છે. કોઈ આપણો હાથ પકડવા તૈયાર હોતું નથી. આપણને એમ થાય છે કે, આપણામાં કોઈ આવડત જ નથી. કોઈને મારી કદર જ નથી. આપણે હિંમત ગુમાવવા લાગીએ છીએ. દરેક માણસના જીવનમાં આવી ક્ષણ આવતી જ હોય છે. માત્ર કારકિર્દી નહીં, જીવનના ઘણા પ્રસંગે આપણે અટવાઈ જઈએ છીએ. એમ લાગે છે કે, હવે તમામ રસ્તાઓ બંધ થઈ ગયા છે. આગળ વધવું હવે મુશ્કેલ થઈ ગયું છે. ત્યારે જ આપણને ડાયવર્ઝન મળે છે. આ ડાયવર્ઝન કદાચ નરી આંખે નહીં દેખાય. તેનો અનુભવ કરવા માટે થોડી વધારે મહેનત કરવી પડશે. અંધારામાં માચિસ શોધવા જેવું કામ છે. એક વખત માચિસ મળી ગઈ પછી અજવાળું આપોઆપ થઈ જશે. આ મચિસ મળવા જેટલી મહેનત તો કરવી જ પડશે. સફળતા મેળવવી હશે તો સંઘર્ષની ચરમસીમા સુધી પહોંચવું પડશે. અભ્યાસ, કારકિર્દી, સંબંધો, બિઝનેસ, પ્રેમ, લગ્ન, સંતાનો તમામ બાબતો એવી છે જેમાં આપણે ધારીએ એવું કશું જ થતું નથી. પરિસ્થિતિઓ હંમેશા વિરુદ્ધ જ ચાલતી હોય છે તેને અનુકુળ બનાવવી પડે છે. આપણી સમસ્યા એ છે કે, આપણે જે છીએ તે સ્વીકારતા નથી. સામેની વ્યક્તિ સામે આપણે અલગ રીતે પ્રોજેક્ટ થવું છે. રિજેક્શનના ભયથી આપણે સામેની વ્યક્તિના પ્રોજેક્શનને મહત્ત્વ આપવા લાગ્યા છીએ. આ કારણે આપણે અસહ્ય સ્ટ્રેસમાંથી પસાર થઈએ છીએ.

જેમ જેમ આપણને સફળતા મળતી જાય છે તેમ તેમ આપણી બુદ્ધિ આપણને તે વધુ મેળવવા માટે પ્રોત્સાહિત કરે છે. એક તબક્કો એવો આવે છે કે આપણે માત્ર બુદ્ધિના આધારે જ જીવન જીવવા લાગીએ છીએ. મનને સાંભળવાની તસદી લેવાનું છોડી દઈએ છીએ. વિશ્વાસ ગુમાવવા લાગીએ છીએ. આપણે અન્ય ઉપર શ્રદ્ધા કે વિશ્વાસ છે જ નહીં. તેના કારણે આપણે જાત ઉપરથી પણ વિશ્વાસ ગુમાવી દઈએ છીએ. હંમેશા બીજાનું જ વિચારીને જીવતા રહીશું તો પછી આપણા અસ્તિત્વનો અર્થ છે જ શું. બીજાના પાયા ઉપર આપણીની જિંદગીની ઈમારત કેવી રીતે ચણી શકાય. ઘણા એવું કહેતા હોય છે કે, હવે તો તમે અમને બોલાવતાય નથી. યાદ પણ નથી કરતા.. બહુ મોટા થઈ ગયા છો... લેખક થઈ ગયા છો... બિઝનેસમેન થઈ ગયા છો... વગેરે વાતો લોકો કરતા જ હોય છે. આ એવા લોકો છે જે તમે જ્યારે કશું જ નહોતા ત્યારે તેઓ તમારી સામે નહોતા જોતા. તમારા માટે ત્યારે તેમની પાસે સમય નહોતા. તમારી લાઈન જ્યારે તેમની લાઈન કરતા મોટી થઈ ગઈ એટલે તેમને શૂળ ઉપડ્યું હોય છે. એ માણસો અપેક્ષા રાખે એ પ્રમાણે આપણે જીવતા રહેવાનું. એમની ઈચ્છાઓ બદલાય, એમની અપેક્ષા બદલાય એટલે આપણે પણ બદલાવાનું. શા માટે. દુનિયામાં એવા ઘણા કિસ્સા છે જેમાં તેઓ દુનિયા માટે બદલાયા નહીં અને આખરે આખી દુનિયા તેમના માટે બદલાવા માંડી.

એક કિસ્સો છે કેટલાક યુવાનોનો જેઓ સાથે મળીને સિંગિંગ કરવા માગતા હતા. ૭૦ના દાયકામાં કોઈ તેમનું સંગીત સાંભળવા તૈયાર નહોતું. તેમને કહેતા કે ગીટાર વેચીને ગુજરાન ચલાવો. થોડા સમય પછી તેઓ બિટલ્સ તરીકે જાણીતા થયા. ત્યારબાદ તેમનું સંગીત સમગ્ર વિશ્વના ચાહકોના હોઠ ઉપર રમતું થઈ ગયું હતું. તેવી જ રીતે આલબર્ટ આઈન્સ્ટાઈન કે જેના ગણિતા નોલેજ માટે આખી દુનિયા તેને પૂજે છે... તેને બાળપણમાં સ્કૂલના શિક્ષકો ડફોળ કહીને કાઢી મૂકતા હતા. ગણિત તારાથી નહીં થાય તેવી વાતો કરતા. અન્ય એક કિસ્સાની વાત કરીએ તો ૧૯૪૪માં જાણીતી એક મોડેલિંગ કંપનીના ડાયરેક્ટરે એક છોકરીને કાઢી મૂકી. તેણે તે છોકરીને કહ્યું કે, કોઈની સેક્રેટરી બની જા. મોડેલિંગ તારું કામ નહીં. થોડા સમય પછી તેનું નામ સુંદરતા અને મોડેલિંગ માટે સમગ્ર દુનિયામાં ગાજવા લાગ્યું. આખું વિશ્વ મેરેલિન મનરોની સુંદરતા પાછળ પાગલ થઈ ગઈ. તેવી જ એક ઘટના બને છે એક યુવાન સાથે. ટ્રક ડ્રાઈવર તરીકે કામ કરતો એ યુવાન ગાયક બનવા માગતો હોય છે. તે ઘણી પ્રયાસ કરે છે. એક વખત ઓડિશનમાં તેને કાઢી મૂકવામાં આવે છે કે તું ટ્રક જ ચલાવ. સંગીત અને ગાયન તારા માટે નથી. ત્યારબાદ એ યુવાન જે સંગીત રચે છે તેની દુનિયા દિવાની થઈ જાય છે.

# સ્વાભિમાન યાત્રાઃ સોમનાથથી ઈતિહાસનું પુનરુત્થાન

સોમનાથ મંદિરનું અનોખું આધ્યાત્મિક સ્થાન

ભારતના ધાર્મિક અને સાંસ્કૃતિક વારસામાં સોમનાથ મંદિરની જગ્યા અત્યંત વિશેષ અને ગૌરવપૂર્ણ છે. ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારમાં અરબ સમુદ્રના તટ પર સ્થિત આ મંદિર

**ભારતીય રાજકારણ અને સંસ્કૃતિમાં યાત્રાઓ હંમેશા પરિવર્તનના વાહક તરીકે કાર્યરત રહી છે. જ્યારે કોઈ યાત્રા માત્ર લોકોના જમાવડા કરતાં વધુ હોય, અને તેમાં વિચારધારા, વિશ્વાસ તથા રાજકીય નિર્ધાર જોડાયેલા હોય, તો તે ઈતિહાસની ધારા બદલી શકે છે. ૧૯૯૦માં સોમનાથથી અયોધ્યા સુધીની રથયાત્રા એવું જ એક ઉદાહરણ હતું. આજે, લગભગ ૩૫ વર્ષ પછી, તે જ સ્થળથી 'સ્વાભિમાન યાત્રા'ની શરૂઆત થઈ રહી છે, જેને ઈતિહાસના પુનરાગમન તરીકે જોવામાં આવે છે.**

ભગવાન શિવના ૧૨ જ્યોર્તિલિંગોમાં સૌથી પ્રથમ માનવામાં આવે છે. આ મંદિર માત્ર તીર્થધામ જ નથી, પરંતુ હજારો વર્ષોથી ભારતીય સંસ્કૃતિની અટલતા, ભક્તિ અને આત્મગૌરવનું જીવંત ઉદાહરણ રહ્યું છે. વારંવાર વિનાશ પામ્યા પછી પણ પુનર્જીવિત થતું આ મંદિર વિશ્વને બતાવે છે કે ભારતની આત્મા અજેય છે.

**પુરાણોમાં વર્ણિત કથાઓ અને આધ્યાત્મિક મૂલ્ય**

પુરાણો અનુસાર, ચંદ્રદેવને ક્ષય રોગનો શાપ મળ્યો હતો, જેનાથી તેમનું તેજ ક્ષીણ થતું ગયું. આ પીડામાંથી મુક્તિ માટે ચંદ્રદેવે સોમનાથમાં ભગવાન શિવની કઠોર આરાધના કરી. તેમની ભક્તિથી પ્રસન્ન થઈને ભગવાન શિવ જ્યોર્તિલિંગ રૂપે અહીં પ્રગટ થયા અને ચંદ્રને શાપમુક્ત કર્યા. ચંદ્રના આરાધ્ય તરીકે આ સ્થળ 'સોમનાથ' તરીકે જાણીતું થયું. આ વાર્તાએ મંદિરના ધાર્મિક મહત્વને વધાર્યું અને તેને શૈવ પરંપરાનું પવિત્ર કેન્દ્ર બનાવ્યું.

પ્રાચીન સમયથી સોમનાથ મંદિર માત્ર પૂજા-અર્ચનાનું સ્થળ જ નથી, પરંતુ શિક્ષણ, કલા અને સ્થાપત્ય માટે પણ વિખ્યાત રહ્યું છે. અહીં દેશ-વિદેશથી સંતો, વિદ્વાનો અને ભક્તો આવતા, જેનાથી આ જગ્યા ભારતીય આધ્યાત્મિક વારસાનું મુખ્ય કેન્દ્ર બન્યું.

**ઐતિહાસિક આક્રમણો અને વિનાશના તબક્કા.**

સોમનાથ મંદિરનો ઈતિહાસ જેટલો ભવ્ય છે, તેટલો જ સંઘર્ષભર્યો પણ છે. વિદેશી હુમલાખોરોએ ભારતની સંપત્તિ અને વારસાને નુકસાન પહોંચાડવા માટે આ મંદિરને લક્ષ્ય બનાવ્યું. ઈ.સ. ૧૦૨૫માં મહમૂદ ગઝનીએ મંદિર પર હુમલો કરીને તેને તોડી પાડ્યું, તેની સંપત્તિ લૂંટી અને તેની ભવ્યતા નાશ કરી.પરંતુ આ વિનાશ ભારતીય સમુદાયના આત્મસન્માનને તોડી શક્યો નહીં. મંદિરને ફરીથી નિર્માણ કરવામાં આવ્યું. સમયાંતરે અનેક હુમલાખોરોએ તેને નુકસાન પહોંચાડ્યું. દરેક હુમલો મંદિરને નાશ કરવાનો પ્રયત્ન હતો, પરંતુ દરેક પુનર્નિર્માણ ભારતીય સંસ્કૃતિની વિજયગાથા હતી. સોમનાથ વારંવાર તૂટ્યું, પરંતુ ક્યારેય વિસ્મૃતિમાં નહીં પડ્યું—અને તે જ તેની સૌથી મોટી તાકાત છે.

**પુનર્જીવનની પરંપરા અને આત્મસન્માનનું પ્રતીક**

સોમનાથ મંદિરની સૌથી મહત્વની વિશેષતા એ છે કે તે વારંવાર વિનાશ પછી પણ પુનર્સ્થાપિત થતું રહ્યું. આ પુનર્નિર્માણ માત્ર ભૌતિક રચના જ નહોતું, પરંતુ તે ભારતીય સમાજની માનસિક શક્તિ અને વિશ્વાસનું પ્રતિબિંબ હતું. દરેક યુગમાં રાજાઓ, ભક્તો અને સમુદાયે સાથે મળીને તેને ફરી ઊભું કર્યું. આ પ્રક્રિયાએ સોમનાથને મંદિરથી આગળ—એક વિચાર અને નિર્ધારમાં પરિવર્તિત કરી દીધું.સોમનાથ આપણને શીખવે છે કે સંસ્કૃતિ પર હુમલા થઈ શકે, પરંતુ તેને સંપૂર્ણપણે મિટાવી શકાતી નથી. જ્યાં વિશ્વાસ જીવંત છે, ત્યાં પુનરુત્થાન હંમેશા શક્ય છે.

**આઝાદ ભારતમાં પુનર્નિર્માણ અને સરદાર પટેલની યોગદાન**

આધુનિક ભારતના ઈતિહાસમાં સોમનાથ મંદિરના પુનર્નિર્માણને વિશેષ સ્થાન મળ્યું છે. આઝાદી પછી સરદાર વલ્લભભાઈ પટેલે તેના પુનઃસ્થાપનનો સંકલ્પ કર્યો. તેમણે આ મંદિરને માત્ર ધાર્મિક જ નહીં, પરંતુ રાષ્ટ્રીય આત્મગૌરવનું પ્રતીક માન્યું. સરદાર પટેલ માટે આ પુનર્નિર્માણ ભારતની

આસપાસ ચોપાસ – સુરેશ ભટ્ટ

ગુલામીમાંથી મુક્ત થયેલી આત્માનું પુનર્જન્મ હતું.તેમના નેતૃત્વમાં મંદિરનું ભવ્ય અને પરંપરાગત શૈલીમાં નિર્માણ થયું. ૧૯૫૧માં ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે તેનું વિધિવત ઉદ્ઘાટન કર્યું. તેમણે કહ્યું કે આ પુનર્નિર્માણ ભારતીય સંસ્કૃતિના પુનર્જાગરણનું ચિહ્ન છે. આ ઘટના આઝાદ ભારતના ઈતિહાસમાં એક ગૌરવમય પ્રકરણ બની.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ત્રણ દિવસીય ગુજરાત પ્રવાસનો આરંભ ગુરુવારે સોમનાથથી થશે. તેઓ મંદિરના પુનઃસ્થાપનના ૭૫ વર્ષ અને પ્રાચીન જ્યોર્તિલિંગ પર વિદેશી હુમલાઓના ૧૦૦૦ વર્ષ પૂરા થવા પર આયોજિત કાર્યક્રમમાં સામેલ થશે. આ આયોજનને 'સ્વાભિમાન યાત્રા' કહેવામાં આવે છે, જે એક વર્ષ સુધી દેશભરમાં વિવિધ રૂપમાં ચાલશે.

**સોમનાથનું પ્રતીકાત્મક અને વ્યૂહાત્મક મહત્વ**

સોમનાથ મંદિર માત્ર વિશ્વાસનું કેન્દ્ર જ નથી, પરંતુ ભારતીય સંસ્કૃતિના આત્મસન્માન અને અટલતાનું પ્રતીક છે. વારંવાર વિદેશી હુમલાઓ છતાં તે પુનર્જીવિત થયું છે. આ કારણે ભાજપ માટે સોમનાથથી યાત્રા શરૂ કરવી પ્રતીકાત્મક તથા વ્યૂહરચનાત્મક બંને છે. ૧૯૯૦ની યાત્રાએ જેમ રાજકારણને નવી દિશા આપી, તેમ આ યાત્રા પણ ભવિષ્યના વાતાવરણને પ્રભાવિત કરી શકે છે.

૧૯૯૦ની યાત્રા ભાજપ માટે નિર્ણાયક સાબિત થઈ. તે વખતે લાલકૃષ્ણ અડવાણીએ રામમંદિર નિર્માણના વચન સાથે સોમનાથથી અયોધ્યા સુધીની યાત્રા કરી. આ યાત્રા 'મંડલ વિરુદ્ધ કમંડલ'ના પ્રસંગમાં થઈ, જ્યારે મંડલ કમિશનની ભલામણો અમલમાં આવી રહી હતી. ભાજપે આ દ્વારા હિંદુ સમુદાયને જાતિના વિભાજનથી ઉપર ઉઠાવી સાંસ્કૃતિક ઓળખ આપવાનો પ્રયત્ન કર્યો. પરિણામે, ૧૯૮૪માં માત્ર બે લોકસભા સીટોવાળી ભાજપ ૧૯૯૧માં ૧૨૦ સીટો સુધી પહોંચી.

**આજની યાત્રાનું રાજકીય અને આધ્યાત્મિક આયામ**

આજની સ્વાભિમાન યાત્રા તે જ રાજકીય યાદોને ફરી જીવંત કરવાનો પ્રયાસ છે. આજે ભાજપ સત્તાના ઉચ્ચતમ સ્થાને છે, પરંતુ રાજકારણમાં સ્થિરતા કાયમી નથી. ૨૦૨૭ની ગુજરાત વિધાનસભા અને ૨૦૨૯ની લોકસભા ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને એક વર્ષ સુધીની આ યાત્રા ભાજપને સંગઠન મજબૂત કરવા, કાર્યકર્તાઓને સક્રિય કરવા અને મતદારો સાથે ભાવનાત્મક જોડાણ વધારવાની તક આપે છે.ગુજરાત ભાજપ માટે હંમેશા પ્રયોગશાળા રહ્યું છે. નેતૃત્વમાં બદલાવથી લઈને નવી પેઢીને આગળ લાવવાની વ્યૂહરચના અહીં અપનાવવામાં આવી છે. ૧૯૯૦ની યાત્રા પણ ગુજરાતથી જ શરૂ થઈ હતી. આજે ફરી સોમનાથથી આરંભ કરવો બતાવે છે કે ભાજપ પોતાની સાબિત વ્યૂહરચનાઓ પર વિશ્વાસ કરી રહ્યો છે. 'ભાજપ પરિવાર' સોમનાથના આશ્રયે જઈને સંસ્કૃતિ અને આત્મગૌરવના મુદ્દે જનતા સાથે જોડાવાનો પ્રયત્ન કરી રહ્યો છે.આ યાત્રાનું એક મુખ્ય પાસું તેનું ધાર્મિક અને આધ્યાત્મિક આયોજન છે. 'સોમનાથ સ્વાભિમાન પર્વ' હેઠળ દેશભરના શિવ મંદિરોમાં ૭૨ કલાક સુધી અખંડ ઓમ મંત્ર અને શંખધ્વનિ કરવામાં આવશે. આ અનુષ્ઠાન દ્વારા દેશમાં આધ્યાત્મિક વાતાવરણ રચવાનો પ્રયાસ થશે. સોમનાથમાં ૧૦૦૦ શંખોના ધ્વનિ સાથે ભારતના હજારો વર્ષના સાંસ્કૃતિક વારસાનું સ્મરણ કરાશે.આવા કાર્યક્રમો માત્ર ધાર્મિક વિશ્વાસ સુધી મર્યાદિત નથી, પરંતુ તે લોકોમાં સામૂહિક ઓળખ અને એકતા જગાડે છે. સમર્થકો માટે આ યાત્રા રાષ્ટ્રીય ગૌરવ અને સાંસ્કૃતિક પુનર્જાગરણનું પ્રતીક છે, જ્યારે વિરોધીઓ માટે તે રાજકીય ફાયદા માટે ધાર્મિક ભાવનાઓને વ્યવસ્થિત કરવાનો પ્રયાસ છે. તેમ છતાં, આવી યાત્રાઓ જનમાનસ પર ગહન અસર કરે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વ્યક્તિગત ભૂમિકા આ યાત્રાને



વિશેષ બનાવે છે. સોમનાથ અને અયોધ્યા બંને તેમના રાજકીય અને વિચારધારાત્મક જીવન સાથે જોડાયેલા છે. રામમંદિર પૂર્ણ થયા પછી હવે સોમનાથથી આ યાત્રા શરૂ કરીને તેઓ પોતાના નેતૃત્વને ઐતિહાસિક પરંપરામાં સ્થાન આપી રહ્યા છે.નિષ્કર્ષઃ ઈતિહાસ, સંસ્કૃતિ અને રાજકારણનું મિલન

સ્વાભિમાન યાત્રા માત્ર ધાર્મિક કે રાજકીય કાર્યક્રમ નથી, પરંતુ તે ઈતિહાસ, સંસ્કૃતિ અને વર્તમાન રાજકારણનું સંયોજન છે. જેમ ૧૯૯૦ની યાત્રાએ ભારતીય રાજકારણમાં નવી ઊર્જા ભરી, તેમ આ યાત્રા પણ આગામી વર્ષોમાં રાજકીય અને સામાજિક વિચારણાનું કેન્દ્ર બનશે. સોમનાથથી શરૂ થતી આ યાત્રા દેશને ફરી યાદ અપાવશે કે ભારત માટે સંસ્કૃતિ અને આત્મગૌરવ માત્ર ભૂતકાળની વાત નથી, પરંતુ વર્તમાન અને ભવિષ્યની માર્ગદર્શક પણ છે.